કેલામિટી જેન



સ્ટીફન ક્રેન્સકી

ચિત્ર: લિસા કાર્લસન

કેલામિટી જેન

સ્ટીફન ક્રેન્સકી
ચિત્ર: લિસા કાર્લસન

કેલામિટી જેન: એક લોકકથા

કદાચ તમે કેલામિટી જેન વિશે સાંભળ્યું ન હોય. પરંતુ કેલામિટી જેન અરાજકતા સમયના પશ્ચિમ અમેરિકાની એક દંતકથા છે. તે ખરેખર માર્થા જેન કેનેરી નામની એક વાસ્તવિક મહિલા હતી. પછીથી તે આર્મી સ્કાઉટ અને પોની એક્સપ્રેસની સવાર બની. તેને પુરુષોની જેમ કપડાં પહેરવા ગમતા હતા, એટલે તે એમ જ પહેરતી. લોકો તેના વિશે શું વિચારે છે તેની તેને કોઈ પરવા નહોતી. તેથી તેની આસપાસ ઘણી વધારેલી અને ચમત્કારિક વાર્તાઓ ઉભી થવી સ્વાભાવિક જ હતી.

અમે કેલામિટી જેનની વાર્તાઓને “ટોલ ટેલ્સ” એટલે કે વધારેલી વાર્તાઓ કહીએ છીએ, કારણ કે તેમાં બધું જ ખૂબ મોટું, ખૂબ ઝડપી અને ખૂબ જંગલી હોય છે. આ વાર્તાઓમાં સત્યને થોડું વધારીને રજૂ કરવામાં આવે છે. “ટોલ ટેલ્સ” માં નાયક અને નાયિકાઓ ઈમારતો જેટલા ઊંચા, બળદ જેટલા શક્તિશાળી અથવા વીજળી જેટલા ઝડપી હોય છે. તેઓ દરેક વળાંક પર રોમાંચક અને જોખમી પરિસ્થિતિઓનો સામનો કરે છે. પરંતુ એ યોગ્ય પણ છે, કારણ કે તેઓ પોતાની સામે આવતી લગભગ દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકે છે.

“ટોલ ટેલ્સ” મજેદાર અને લાંબી હોઈ શકે છે. પરંતુ તે જીવનનું વર્ણન પણ કરે છે, જે ઘણા મજૂરો અને આગેવાનોએ જીવ્યું હતું. આ વાર્તાઓમાં લોકો ઘણીવાર એ જ કામ કરતા હોય છે, જે વાસ્તવિક લોકો કરતા હતા. અને વાર્તાઓનું સ્થળ પણ હંમેશા ઓળખીતું જ હોય છે.

આ વાર્તાઓ સૌપ્રથમ કહેતા લોકો એ લોકો અને સ્થળોને જરૂર ઓળખતા હશે. અથવા કદાચ તેઓ ઇચ્છતા હશે કે તેઓ પણ વાર્તાના નાયક જેવા બને. આવી વાર્તાઓ વારંવાર કહેવામાં આવતી અને એક વ્યક્તિથી બીજી વ્યક્તિ સુધી પહોંચતી. આવી મૌખિક અને વહેંચાતી વાર્તાઓને આપણે લોકકથાઓ કહીએ છીએ.

લોકકથાઓ કોઈ સ્થળ અથવા ત્યાંના લોકોની વાર્તાઓ અને પરંપરાઓ દર્શાવે છે. તે “ટોલ ટેલ્સ” જેવી લોકવાર્તાઓ પણ હોઈ શકે છે. આ વાર્તાઓ સામાન્ય રીતે ઘણાં વર્ષો પછી લખવામાં આવે છે. તે પહેલાં, તેઓ વર્ષો સુધી કહેવામાં અને પુનરાવર્તિત કરવામાં આવતી રહે છે. લોકકથાઓ કહેવતો, જોક્સ અને ગીતો પણ હોઈ શકે છે.

લોકકથાઓ આપણને ઘણું શીખવી શકે છે. કોઈ કવિતા અથવા ગીત આપણને બહુ જૂની કોઈ ઘટના યાદ અપાવવામાં મદદ કરી શકે છે. અથવા તે માત્ર મનોરંજન માટે પણ હોઈ શકે છે, જેમ કે કોઈ સારી ભૂતની વાર્તા અથવા દોરી કૂદવાના ગીતો. લોકકથાઓ આપણને એ લોકો વિશે પણ જણાવે છે, જેઓ આ વાર્તાઓ વહેંચતા હતા.

કેલામિટી જેન વિશેની વાર્તાઓ ઘણી વધારેલી છે. પરંતુ તેમાં જૂના પશ્ચિમના જીવન વિશે કેટલીક સચ્ચાઈઓ પણ છે. કેલામિટી જેન ખરેખર ડેડવુડમાં બચાવ માટે આવી હતી. કદાચ તેણે એક સેનાના કપ્તાનનો જીવ પણ બચાવ્યો હતો. ખરેખર, શક્ય છે કે તેથી જ તેનું નામ “કેલામિટી જેન” પડ્યું હોય, અને તે એક પ્રશંસા તરીકે હતું. જ્યારે પણ કોઈ આપત્તિ આવતી, ત્યારે તમે જરૂર ઇચ્છતા કે જેન તમારી સાથે હોય.



મોટા થતાં

માર્થા જેન કેનેરી હંમેશા જાણતી હતી
કે એ કંઈક ખાસ છે.
અન્ય છોકરીઓ એનો સમય ઢીંગલીઓ સાથે રમવામાં
અથવા ગંદી ભોંયને સાફ કરવામાં વિતાવતી હતી.
માર્થા જેન એનાથી અલગ હતી.
એણે ઘોડેસવારી અને નિશાનબાજી શીખી.
અને એણે એવા કપડાં પહેર્યા
જે એને એ બધું કરવામાં બાધા ન બને.
એ હજી સુધી આફતમાં પડી ન હતી
પણ એ દરેક સાહસ પ્રત્યે એવી રીતે આકર્ષિત
થતી હતી જેમ કીડી ઉજાણી પ્રત્યે થાય છે.

એક વાર, જયારે માર્થા જેન મિસોરીના જંગલમાં રમી રહી
હતી, તો એને એક રેટલસ્નેક (ઘૂઘરીયો ઝેરી સાપ) દેખાયો

જે એક ચટ્ટાન પર તડકામાં શેકાઈ રહ્યો હતો.

સાપે ફુંફાડો માર્યો અને

એણે માર્થાને ડરાવવાની કોશિશ કરી.

પણ માર્થા હસી અને કહ્યું,

"જો, હું નવ વરસની છું,

અને આવો સૌથી દયનીય ફુંફાડો

મેં પહેલા ક્યારેય સાંભળ્યો નથી."

પછી માર્થાએ એનું મોઢું ખોલ્યું

અને એટલો મોટો અવાજ કર્યો

કે એ ત્રણ પ્રાંતોમાં સંભળાયો.

એનાથી સાપને એટલી શરમ આવી

કે એ એ જ પળે ત્યાં જ મરી ગયો.



જયારે માર્થા બાર વરસની થઇ
ત્યારે એનો પરિવાર અન્ય અગ્રણી પરિવારો સાથે
મિસોરીથી મોન્ટાના આવીને વસ્યો.
એ પશ્ચિમમાં વધારે સારા જીવનની
શોધમાં આવ્યા હતા.

વેગનના કાફલાને આ મુશ્કેલ યાત્રા
કરવામાં પાંચ મહિનાનો સમય લાગ્યો હતો.
રસ્તાઓ ખૂબ જ ઉબડખાબડ હતા.
થોડા ખાડા એટલા ઊંડા હતા કે
વેગનનો નીચલો ભાગ જમીનને અથડાતો હતો.

જયારે પણ વેગનનો કાફલો કોઇ નદી પાસે આવતો,

તો કાફલાનો સરદાર નદી પાર કરવા માટે હંમેશા

સૌથી છીછરી જગ્યા શોધતો હતો.

પણ માર્થા જેન એનાથી સંતુષ્ટ ન હતી.

એ એના ટટ્ટુ પર સવાર થઈને નદી પાર

કરવા માટે સૌથી ઊંડા પાણીની શોધ કરતી હતી.

જોકે, એક વાર એ એક કળણ (ભીની અને પોચી
રેતી) માં ફસાઇ ગઇ જેને એ નીચે ખેંચવા લાગી.

પણ માર્થા જેને એટલા જોરથી લાત મારી

કે કળણ ગરમ થઈને કાંચ બની ગયું.

પછી એ કોઇ પણ મુશ્કેલી વગર બહાર નીકળી ગઈ.





રોજ, વેગનમાં સવારી કરતા લોકો શિકાર કરવા જતા હતા.

માર્થા જેન પણ એની સાથે જવા ચાહતી હતી,

પણ પુરુષો એને સાથે લઇ જવા ચાહતા ન હતા.

એટલે એ એકલી જ શિકાર કરવા જતી રહી.

જયારે એ પાછી ફરી, તો એના ખભા પર

ત્રણ સસલાં લટકતા હતા.

"આ એક નાની તોફાની બાળકી માટે બહુ સારું કહેવાય,"

એક માણસે કહ્યું.

"જુઓ, લગભગ એક માઇલ પાછળ મેં ચાર હરણ માર્યા છે,“ માર્થા જેને એને સમજાવ્યું.

"પણ હું એ બધાને એક-સાથે લાવી શકતી ન હતી."

એના પછી, શિકારી

એને પોતાની સાથે લઈ જઈને ખુશ થતા હતા.

જ્યાં સુધીમાં વેગનનો કાફલો

મોન્ટાના પહોંચ્યો,

ત્યાં સુધીમાં જેને એટલા શિકાર કર્યા

કે અગ્રણીઓને એણે કરેલા શિકારને

દિવસમાં પાંચ વાર ખાવા પડતા હતા.





મસ્તી-તોફાન

વર્જિનિયા શહેર, મોન્ટાના,

એક સોનાની ખાણવાળું શહેર હતું.

એ માર્થા જેન માટે સાવ યોગ્ય હતું.

એ દરેક વાતમાં એનું નાક ઘુસાડતી હતી.

"તું આફત વહોરી રહી છે,"

થોડા લોકોએ એને ચેતવી.

"અલબત્ત હું એ જ કરી રહી છું," જેને જવાબ આપ્યો.

"એનાથી સમયની બચત થાય છે."

ખાણિયા રોજ આવતા-જતા હતા,

પોતાનું ભાગ્ય બનાવવા માટે

એ સોનાની નવી નસો શોધતા હતા.

એ નિશ્ચિત રૂપથી એક મતલબી ટોળું હતું.

એમાંથી મોટા ભાગના ખાણિયાના માથામાં કાણું થઇ
જતું હતું અથવા એના ખિસ્સામાં કાણું થઇ જતું હતું.

પણ થોડા ભાગ્યશાળી રહ્યા અને એને મોટી સફળતા મળી.

જયારે કોઇ "સોનું!" ની બૂમ પાડતું હતું

તો એ સમાચાર વીજળીની ગતિથી પણ તેજીથી ફેલાઇ જતા હતા.

એક ખાણિયાને એની મુઠ્ઠીના આકારનો સોનાનો ટૂકડો મળ્યો.

બીજા ખાણિયાને સોનાની એક એવી નસ મળી જે એટલી સમૃધ્ધ

હતી કે એને ખોદવામાં એના ત્રણ ફાવડા ખર્ચાઇ ગયા.

માર્થા જેને પોતે સોના માટે
બહુ વધારે શોધખોળ ન કરી.
એને એ એક નીરસ કામ લાગતું હતું.
એને બદલે, એણે હંમેશા આગળ વધવાનું પસંદ કર્યું.
એને ઘોડાઓ પ્રત્યે ખાસ લગાવ હતો,
ખાસ કરીને તેજ ઘોડાઓ થી.
અને એનામાં એને કાબુમાં લેવાનું હુન્નર પણ હતું.
એક વાર, થોડા કાઉબોય
શહેરમાં થોડા જંગલી ઘોડા લઇને આવ્યા.
એમાંથી એક કાળો ઘોડો હતો
જેની આંખોમાં જ્વાળા હતી.
જ્યાં સુધીમાં માર્થા જેન આવી,
ત્યાં સુધીમાં એ ઘોડાએ
ચાર કાઉબોયને પછાડી દીધા હતા.
"તું એનાથી સાવધાન રહેજે,"
એમણે માર્થાને ચેતવણી આપી.
"હું મારું નસીબ અજમાવીશ,"
માર્થાએ કહ્યું.
"હું ત્રણ ખચ્ચર જેટલી જિદ્દી છું,
અને મારી લાત એનાથી પણ ખરાબ છે."





એ ધીરે-ધીરે ઘોડા પાસે આવી.
"મને ખબર છે કે તું ફક્ત દેખાડો કરે છે,"
એણે ધીરેથી કહ્યું.
"બધા જોઈ શકે છે કે
તું કેટલો મોટો અને બળવાન છે."
ઘોડો બસ હણહણ્યો.
"જોકે, હું તો બસ એક નાની એવી છોકરી છું,"
માર્થા જેને કહ્યું.
"અને મને પછાડીને તને કંઈ મળશે નહીં.
પણ જો તું મને તારી સવારી કરવા દઈશ,
તો તું એ અણઘડ અને ખડતલ કાઉબોયને
વધારે નીચા દેખાડીશ."
કોઈ પણ એ નિશ્ચિત રૂપથી કહી શકતા નથી
કે એ ઘોડો હકીકતમાં માર્થાની વાત સમજ્યો કે નહીં.
પણ માર્થા જેન જ એક એવી હતી
જેણે એ ઘોડા પર બરાબર સવારી કરી.

એ ઘોડો એને બહુ કામ લાગ્યો.
એક દિવસ, માર્થા જેન ઘોડેસવારી કરી રહી હતી
જયારે એ જીવ બચાવવા લડી રહેલા લશ્કરી
સેનાના એક દળને મળી.
માર્થા જેને પળવાર માટે પણ રાહ ન જોઈ.
એણે અચાનક પ્રવેશ કર્યો, અને એણે
ઘાયલ કપ્તાનને પોતાના ઘોડા પર ખેંચી લીધો
અને એને એક સુરક્ષિત સ્થાન પર લઇ ગઈ.
જયારે એ સાજો થઇ ગયો,
તો કપ્તાને એને કેલામિટી જેન બોલાવવી શરુ કર્યું.
અને એ નામ બધાની જીભ પર
મધની જેમ ચોંટી ગયું.



ડેડવુડમાં રહેવું

જયારે કેલામિટી જેન મોટી થઈ રહી હતી

તો એ દક્ષિણ ડાકોટાના ડેડવુડમાં રહેવા જતી રહી.

આ ખાણિયાઓનું શહેર એના નામ કરતા વધારે મૈત્રીપૂર્ણ હતું,

જોકે બહુ વધારે નહીં.

ત્યાં એને દરેક પ્રકારના કાઉબોય

અને બંદૂકધારી મળ્યા,

જેમાં થોડા પ્રમાણિક પણ હતા.

સૌથી મશહૂર વાઈલ્ડ બિલ હિકોક હતો.

એ નવા ચામડા કરતા પણ વધારે સખત હતો

અને એ વરસમાં ફક્ત એક કે બે વાર જ સ્મિત કરતો હતો.

વાઈલ્ડ બિલ સેનાનો બાતમીદાર અને નગરનો મુખ્ય

પોલીસ અધિકારી રહી ચુક્યો હતો.

પણ હવે એ આ નોકરીઓમાંથી નિવૃત થઈ ચુક્યો હતો.

એની યુવાનીમાં બિલ એક વાર

આઠ મહિના કપડાં બદલ્યા વગર રહ્યો હતો.

પછી એક રાતે જયારે બિલ સૂઇ રહ્યો હતો,

એક રીંછે એને અને એના કપડાને

એક માઇલ દૂરથી સૂંઘ્યો. એ ગંધનો પીછો કરીને

બિલ સુધી પહોંચ્યું અને એના પગને બટકા ભરવા લાગ્યું.

બિલ તરત જાગી ગયો.

અને એ પહેલા કે રીંછ એને પોતાનો શિકાર બનાવે,

બિલે એની સાથે કુસ્તી લડવી શરુ કરી દીધી.

રીંછ પાસે એના પંજા હતા,

પણ બિલ પાસે પણ એક ચપ્પુ હતું.

એ બંને વારે-વારે ગુલાંટ ખાતા રહ્યા.

જયારે લડાઇ પૂરી થઇ,

ત્યારે બિલ પાસે રુંવાટીવાળો કોટ હતો.



જે કોઈ પણ માણસ
રીંછને આવી રીતે સંભાળી શકે
એ કેલામિટી જેન જેવી જ વ્યક્તિ હોઈ શકે.
એટલે બિલ અને કેલામિટી મિત્ર બની ગયા
અને પોતાના પ્રસિદ્ધ કાર્યો એક-બીજાને કહી સંભળાવ્યા.
વાઈલ્ડ બિલે કહ્યું કે સાચા રોમાન્સ માટે
માર્થાએ પોની એક્સપ્રેસની સવારી કરવી જોઈએ.
પોની એક્સપ્રેસ સવારોની એક ટોળકી હતી
જે સીમા પાર ટપાલ લઈને જતી હતી.
એટલે કેલામિટીએ એ કામ સ્વીકાર્યું.
એને બ્લેક હિલ્સ થઈને
50 માઈલ આગળ પાછળ આવવા-જવાનું થતું હતું.
એ અસમતળ પ્રદેશ હતો,
અને ફક્ત ચટ્ટાનો અને ખાડાને લીધે નહીં.
ત્યાં રસ્તામાં ડાકુ ઘણીવાર રાહ જોતા હતા.
એ ઘોડેસવારના પૈસા અને પેકેટ લૂંટી લેતા હતા.

એ પહેલા કે ડાકુ ગોળી
ચલાવવાનું વિચારતો,
કેલામિટી જેને પહેલા જ ગોળી ચલાવી દીધી હતી.
જેનની પહેલી ગોળી ડાકુની બંદૂક પર વાગી,
અને સીધી એની બંદૂકની નાળમાં ઘુસી,
અને બંદૂકનો ચેમ્બર જામ થઈ ગયો.
જેનની બીજી ગોળીએ બીજા ડાકુના
ઘોડાની લગામ કાપી નાખી.

એનાથી ઘોડો ઉછળ્યો અને એનો સવાર
જમીન ઉપર પડી ગયો.
"જો, આ વખતે અમે તને જવા દઈએ છીએ,"
ત્રીજા ડાકુએ પીછેહઠ કરતા કહ્યું.
"શું તમને ખાતરી છે?"
કેલામિટીએ કહ્યું.
"લાગે છે કે પાર્ટી તો હવે શરુ થઈ છે."

પણ ડાકુઓએ કોઇ જવાબ ન આપ્યો.

અને એ ઉભી પૂંછડીએ ત્યાંથી પલાયન થઇ ગયા.

કેલામિટીએ એની સવારી આગળ ધપાવી

અને એ પછી એને કોઇએ હેરાન ન કરી.



બદલાતો સમય

મોટા ભાગના લોકોને લાગતું હતું કે કેલામિટી જેન

જૂના સુકાયેલા ગાયના માંસ કરતા પણ વધારે મજબૂત હતી.

લોકો કહેતા હતા કે જેન બરફમાં ખુલા પગે ચાલતી હતી.

અને એ મટકું માર્યા વગર સૂરજ સામે જોઇ શકતી હતી.

પણ કેલામિટીની એક નરમ બાજુ પણ હતી.

પણ એણે એનો વધારે પ્રચાર ન કર્યો.

એક વાર ડેડવુડના આખા શહેરમાં

શીતળાનો રોગચાળો ફાટી નીકળ્યો.

એટલી વલૂર અને ખંજવાળવાનું થતું હતું, કે એવું
લાગતું હતું જાણે ખડમાંકડીની સેના ચાલી રહી હોય.

ડોક્ટર પણ માંદા થઈ ગયા.

શેરિફની હાલત ખરાબ હતી.

ત્યાં સુધી કે શબપેટી વ્યવસ્થાપક

પણ એ આશા કરી રહ્યા હતા કે

કોઇ મરે નહીં.

કારણકે એ એને દફનાવવા માટે તૈયાર ન હતા.

લગભગ બધા લોકો પથારીમાં પડયા હતા.

પણ કેલામિટી જેન નહીં.

કોઈને એ ખબર નથી કે એ બીમાર કેમ ન થઈ.

થોડા લોકોએ કહ્યું કે એની ચામડી એટલી જાડી હતી

કે શીતળાના જંતુ અંદર ઘુસી શકતા ન હતા.

બીજા લોકોનું માનવું હતું કે શીતળાના જંતુ પણ એના
રક્ત અને આંતરડામાં ઘૂસવાની હિમ્મત કરી શકતા ન
હતા.

જે પણ કારણ હોય, કેલામિટી જેન

સાવ સ્વસ્થ હતી

અને એને બીમાર લોકોની દેખભાળ

કરવામાં કોઇ ડર લાગતો ન હતો.

એટલે એણે માંદા લોકોની બહુ સેવા કરી.

શીતળાગ્રસ્ત લોકોને સારા થવા માટે થોડા મહિના લાગ્યા.

કેલામિટી એ મહિનાઓમાં વધારે સૂઇ ન શકી.

એક વાર એ,

એકધારા ત્રણ દિવસો સુધી જાગતી રહી.

એણે કહ્યું, "મારે મારી આંખોને ખુલી રાખવા માટે

ઝાડૂંના હાથાનો ઉપયોગ કરવો પડયો."

અને આંખો એક કલાકથી વધારે ખુલી રહેતી ન હતી.

જયારે લોકો આખરે સારા થયા,

તો એ નિશ્ચિત રૂપથી જેનનો આભાર માનવા ચાહતા હતા.

પણ એ કેવળ એટલું જ સહન કરી શકતી હતી.



કેલામિટી જેન દ્રઢ હતી,

પણ એક વસ્તુ હતી જે એ રોકી શકતી ન હતી.

એ હતી પ્રગતિ. ડેડવુડ હવે મોટું થઈ રહ્યું હતું.

દુકાનદાર લાકડાની ફૂટપાથ બનાવી રહ્યા હતા

જેથી લોકોને કીચડમાં થઇને ચાલવું ન પડે.

પોની એક્સપ્રેસ બંધ થઇ હતી.

હવે કોઈ સ્ટેજકોચ બચ્યા ન હતા.

એની જગ્યાએ ધુમાડા કાઢતા રેલવેના રાક્ષસી એન્જીન હતા.

લોકો બાથરૂમને ઘરની અંદર

બનાવવાનું પણ વિચારતા હતા,

પણ કેલામિટી જાણતી હતી કે એ મૂર્ખતા છે.

તો પણ, એ વાતને નકારી શકાય

નહીં કે શહેર બદલાઈ ગયું હતું.

હવે કેલામિટી આ બધાથી ઉદાસ થતી ન હતી.

પણ એ હજી ઝૂલતી ખુરસીમાં આરામ

કરવા માટે તૈયાર ન હતી.

એટલે જયારે એણે જોયું કે એ ઘણી વાર સુધી

ચુપચાપ બેસી રહેતી હતી અને એણે એક કરોળિયાને

જાળું બનાવતા જોયો, તો એને લાગ્યું કે હવે એને આગળ
વધવાનો સમય આવી ગયો છે.





આખું શહેર એને વિદાય કરવા માટે ઉમટી પડયું.
મેયરે કહ્યું, "અમને તું બહુ યાદ આવીશ."
"જો અમને કોઇ મુશ્કેલી પડશે,
તો અમે તુરંત તને બોલાવશું."
"ભલે," કેલામિટી જેને કહ્યું,
"મને હંમેશા મુશ્કેલીઓ ગમતી રહી છે."
પછી એ ઢળતા સૂર્ય તરફ ચાલી નીકળી.